રજૂ તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૫.૦૩.૨૦૨૬

| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|
| | | ૦ | ૦ | ૮ |

આંક–..........

**સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની**
**કોર્ટ સમક્ષ, મુ.સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૯૭૨/૨૦૨૬**

અરજદારઃ **શેખ ફીરોઝભાઈ શેખચાંદ,**
ઉં.આ.૪૩ વર્ષ, ધંધોઃ મજૂરી,
રહેવાસીઃ ૧૦૧, મહાકાલીનગર રોડ નં.૧૩,
ઉધના, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી આર.એન.બડગુજર
સામાવાળા તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા

## <u>ચૂકા દો</u>

(૧) અરજદારે ગોડાદરા પોલીસ સ્ટેશન પાર્ટ-'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૬૪૨૫૧૯૮૬/૨૦૨૫ ના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ ની જોગવાઈ અન્વયે મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) હાલની અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક-૪ થી રજૂ કરેલ અભિપ્રાય વંચાણે લીધો.

(૩) અરજદારના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ હાલની અરજીની હકીકતોને અનુલક્ષીને રજૂઆત કરેલ છે કે, હાલના ગુનાના કામે અરજદારની માલિકીનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ છે. સદરહુ મોબાઈલ વધુ સમય બિનવપરાશી પડી રહે અને તે ઈલેક્ટ્રોનિક વસ્તુ હોઈ, તેની બેટરી, ટચ સ્ક્રીન વગેરેને નુકસાન થાય તેમ છે. સદરહુ મોબાઈલ ફોન તેમના દૈનિક કામકાજ માટે અગત્યનું સાધન હોઈ, તેમાં અરજદારના અગત્યના નંબરો હોઈ, તેમને સદર મોબાઈલ ફોનની આવશ્યકતા છે. જો તે મોબાઈલ ફોન તેમને પરત ન આપવામાં આવે તો તેમને અગવડ પડે તેમ છે. અરજદાર નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરશે, જેથી અરજદારને તેમનો મોબાઈલ ફોન પરત આપવા વિનંતી કરેલ છે.

**(૪)** ફરિયાદ પક્ષ તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ તપાસ કરનાર અધિકારીના આંક-૪ ના સોગંદનામા આધારે અરજદારને તેનો મોબાઈલ ફોન પરત આપવામાં આવે તો વાંધો ન હોવાની રજૂઆત કરેલ છે.

**(૫)** અરજદારની અરજીની હકીકતો, બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆત, તપાસ કરનાર અધિકારીનો આંક-૪ નો અભિપ્રાય તેમજ રજૂ થયેલા પેપર્સ વંચાણે લેતાં એ હકીકત ફલિત થાય છે કે, ગોડાદરા પોલીસ સ્ટેશન પાર્ટ-'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૬૪૨૫૧૯૮૬/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧), ૨૯૬(બી), ૧૧૫(૨), ૫૪, ૧૪૦(૧), ૧૪૦(૩), ૧૮૯(૪), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૪૦(૨), ૩૦૮(૪), ૧૦૯(૧), ૬૧(૨)(એ), ૨૩૮(બી), ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) તથા ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ ની કલમ-૩(૧)(i), ૩(૨) તથા ૩(૪) ના કામે અરજદારનો વિવો કંપનીનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ ઉપરોક્ત મોબાઈલ ફોન તેમની માલિકીનો છે; ઉપરોક્ત મોબાઈલ ફોનના ઈન્વોઈસની નકલ તેમણે નિશાની-૩/૨ થી રજૂ કરેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદરહુ મોબાઈલ ફોન વધુ સમય બિનવપરાશી પડી રહે અને તે ઈલેક્ટ્રોનિક વસ્તુ હોઈ, તેની બેટરી, ટચ સ્ક્રીન વગેરેને નુકસાન થાય તેમ છે. સદરહુ મોબાઈલ ફોન તેમના અંગત કામકાજ માટે અગત્યનું સાધન હોઈ, તેમાં અરજદારના અગત્યના નંબરો હોઈ, તેમને સદર મોબાઈલ ફોનની આવશ્યકતા છે. જો તે

મોબાઈલ ફોન તેમને પરત ન આપવામાં આવે તો તેમને ઘણી અગવડતાનો સામનો કરવો પડે તેમ છે. વિ.પી.પી.શ્રીએ ઉપરોક્ત મોબાઈલ ફોન અરજદારને પરત સોંપવામાં આવે તો વાંધો ન હોવાની રજૂઆત કરેલ છે. ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં, અરજદારને કેટલીક ચોક્કસ શરતોને આધિન સદર મોબાઈલ ફોન વચગાળાના સમય માટે પરત આપવો ઉચિત જણાય છે, જેથી અરજદારની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ-

## હુકમ

**૧.** અરજદારની ફોજદારી પરચુરણ અરજી નં.૧૯૭૨/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** ગોડાદરા પોલીસ સ્ટેશન પાર્ટ-'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦-૬૪૨૫૧૯૮૬/૨૦૨૫ ના કામે કબજે લવામાં આવેલ Vivo કંપનીનો V50 મોડલના મોબાઈલ ફોન (IMEI No. 868185075253930) નો વચગાળાનો કબજો આ કામના અરજદાર **શેખ ફીરોઝભાઈ શેખચાંદ** ને નિયમોનુસાર નીચેની શરતોને આધીન તેઓ પંચનામામાં જણાવેલ સદર મોબાઈલ ફોનની કિંમતથી દોઢી રકમના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી સોંપવા હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ**

(૧) અરજદારે સદરહુ મોબાઈલ ફોન કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવો નહીં તેમજ તેનો કબજો કોઈને કોઈ પણ પ્રકારે આપવો નહીં.

(૨) અરજદારે સદરહુ મોબાઈલ ફોન યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવો.

(૩) અરજદારે સદરહુ મોબાઈલ ફોન નામદાર કોર્ટ જ્યારે મંગાવે ત્યારે અચૂક રજૂ કરવાનો રહેશે.

(૪) **અરજદારે સંબંધીત પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારી અથવા અન્ય અધિકૃત પોલીસ કર્મચારી રૂબરૂ સદર મોબાઈલ ફોનમાં રહેલા ડેટાની એક કોપી સી.ડી.માં રેકર્ડ કરાવી, તે સી.ડી. તપાસ કરનાર અધિકારીએ તપાસના કાગળોમાં સામેલ રાખવી અને ત્યાર બાદ સદર મોબાઈલ ફોન અરજદારને પરત કરવા હુકમ કરવામાં આવે છે.**

**૩.** આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખ: **૨૫મી** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP